*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No.

# 13(G)

(MARCH, 2019)
(New Course)

| |
|---|
| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ **OMR** શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે.<br>**Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet.** |
| **03** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકમાં ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

---

1) ઈશ્વરની પ્રાપ્તિની ઘેલછામાં રહેલો ત્યાગ અને અનન્ય ભક્તિ ભાવનાનો બોધ કયા કાવ્યમાં વ્યક્ત થયો છે ?

(A) તે બેસે અહીં (B) જીવમાં જીવ આવ્યો

(C) ક્યાં રે વાગી (D) દીવાનખાનામાં

2) 'હાઈકુ' કાવ્ય પ્રકાર કયા દેશનો છે ?

(A) જાપાન (B) જર્મની

(C) ભારત (D) અમેરિકા

http://www.gsebonline.com
http://www.gsebonline.com

3) 'પક્ષીઓનો કલરવ વહેલી સવારે માનવ સમાજને ઉઠાડનાર એલાર્મ તરીકેનું કાર્ય વિના મૂલ્યે પરા પૂર્વથી કરે છે.' આ ભાવના પાઠ્ય પુસ્તકનાં કયા લઘુ કાવ્યમાં વ્યક્ત થઈ છે ?

(A) મુક્તક
(B) દુહો
(C) હાઈકુ
(D) ત્રણેયમાં

4) 'દીવાનખાનામાં' કાવ્યનો પ્રકાર જણાવો.

(A) પદ
(B) અછાંદસ
(C) ગઝલ
(D) ઊર્મિગીત

5) 'હાથ મેળવીએ' કાવ્ય કયા કાવ્યગ્રંથમાંથી લીધું છે ?

(A) આલબેલ
(B) સૂરજ કદાચ ઉગે
(C) પ્રવેશ
(D) છંદોલય

6) રમઝુમીરની શરણાઈના સૂરમાંથી ઉન્માદ અને ઉમંગના બદલે દર્દ વહેવા લાગ્યું કારણ કે ...

(A) રમઝુને પુત્રી સકીનાની યાદ આવતી હતી.
(B) તે નિર્જીવ વાદ્યને જીવંત બનાવવા માંગતો હતો.
(C) રમઝુને દાદમાં વધારે પૈસા જોઈતા હતા.
(D) રમઝુને પત્નીની યાદ આવતી હતી.

7) ભદ્રંભદ્ર ટિકિટ માટે કયો શબ્દ પ્રયોજે છે ?

(A) પ્રસ્થાન પત્રિકા
(B) પત્રિકા
(C) નિમંત્રણ પત્રિકા
(D) મૂલ્ય પત્રિકા

http://www.gsebonline.com
http://www.gsebonline.com

8) સહકારી મંડળીની સ્થાપનાનું વિચારબીજનું વાવેતર કોણે કર્યું હતું ?
   (A) જહોન મથાઈ ટાટાએ
   (B) ત્રિભુવનદાસ પટેલે
   (C) સરદાર વલ્લભભાઈ પટેલે
   (D) ડૉ. વર્ગીસ કુરિયને

9) 50 યુરોનો દંડ લેખકના મિત્રને કેમ ભરવો પડ્યો ?
   (A) ઓફીસર જોડે ખોટી દલીલ કરતા હતા.
   (B) જરૂર કરતા વધારે ખાધુ હતું.
   (C) વૃદ્ધ સ્ત્રી સાથે ઝઘડો કર્યો હતો.
   (D) ખાદ્ય સામગ્રીનો બગાડ કર્યો હતો.

10) 'સર્વજ્ઞભાઈ' કઈ કૃતિનું પાત્ર છે ?
   (A) સૂરજ તો બધે સરખો
   (B) નથી
   (C) શ્વેતક્રાંતિના પ્રણેતા
   (D) શરણાઈના સૂર

11) 'જા. પૈસોય મોકલતો નહી. તારો પૈસો આજથી મારે હરામ છે' વાક્ય કઈ કૃતિનું છે ?
   (A) સત્યવ્રત
   (B) પ્રાણનો મિત્ર
   (C) ટિફિન
   (D) નથી

12) કાનજીનો પુત્ર ખ્રિસ્તી ન બને તે માટે જેઠીમાંએ શું કર્યું ?
   (A) કાનજીના છોકરાનાં લગ્ન કરાવી દીધા.
   (B) કાનજીનાં દીકરાને બીજા શહેરમાં મોકલી દીધો.
   (C) કાનજીના છોકરાને દત્તક લીધો.
   (D) કાનજીનાં મૃત્યુની વાત છૂપાવી.

http://www.gsebonline.com
http://www.gsebonline.com

13) બલાઈએ કયા વૃક્ષની માવજત કરી હતી ?

(A) વડ

(B) પીપળો

(C) લીમડો

(D) શીમળો

14) નિવૃત્તિ સમયે મળેલા છ લાખ એંશી હજાર રૂપિયાનું ત્રિભુવનદાસે શું કર્યું ?

(A) રકમ સહકારી મંડળીના વિકાસ માટે આપી દીધી.

(B) ત્રિભુવન ફાઉન્ડેશનનો શુભારંભ કર્યો.

(C) ગરીબોને દાનમાં આપી દીધા.

(D) પોતાની પાસે રાખી લીધા.

15) ભર બપોરે ચોગાનમાં ઊભા રહી રમઝુએ કયો રાગ ઉપાડ્યો ?

(A) ભૈરવી

(B) માલકોંશ

(C) મલ્હાર

(D) અડાણો

16) 'ઝબક જ્યોત' પાઠનો પ્રકાર જણાવો.

(A) આત્મકથા ખંડ

(B) એકાંકી

(C) નિબંધ

(D) નવલિકા

17) 'પ્રાણનો મિત્ર' દ્વારા લેખક આપણને શેની માવજત કરવા માટે જાગૃત કરે છે ?

(A) જીવજંતુની

(B) તંદુરસ્તીની

(C) વૃક્ષોની

(D) પ્રાણીઓની

http://www.gsebonline.com
http://www.gsebonline.com

18) 'દુષ્ટ યવન ! તારી ભ્રષ્ટ વાસનાને લીધે તું અજ્ઞાન રહ્યો છે મૂર્ખ.' વાક્ય કોણ બોલે છે ?

(A) અંબારામ

(B) સર અમલ દેરાશરી

(C) ભદ્રંભદ્ર

(D) સર્વજ્ઞભાઈ

19) સાયંફેરીમાં દીપકની જય કોણ બોલાવે છે ?

(A) વાનરસેના

(B) શાંતિસેના

(C) શિવસેના

(D) માંજારસેના

20) પોર્ટુગીઝમાં જેઠીબાઈ ધોળા દિવસે હાથમાં શું લઈને ગયા ?

(A) ભારતનો રાષ્ટ્રધ્વજ

(B) હાથમાં સળગતી મશાલ

(C) રાણીને મળવાનો પરવાનગી પત્ર

(D) રાણી માટે ભેટ સોગાદ

21) કયો શબ્દ 'શ્યામ' શબ્દનો સમાનાર્થી નથી ?

(A) અસિત (B) શામળું

(C) ધવલ (D) કાળું

22) કયો શબ્દ 'પૂનમ' શબ્દનો વિરોધી છે ?

(A) એકાદશી (B) પૂર્ણિમા

(C) અષ્ટમી (D) અમાસ

http://www.gsebonline.com
http://www.gsebonline.com

23) નીચે આપેલા વિકલ્પોમાંથી સાચી જોડણી ધરાવતો વિકલ્પ પસંદ કરો.

(A) ઊરમીલ (B) ઉર્મીલ

(C) ઊર્મિલ (D) ઉર્મિલ

24) વગડા વચ્ચે આસુદેવ મહાદેવનું .......... મંદિર છે.

યોગ્ય જોડણીથી ખાલી જગ્યા પૂરો.

(A) એકાંગી (B) એકાકી

(C) એકાંકી (D) એકાકિ

25) નીચે આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સંધિ ખોટી થઈ છે તે જણાવો.

(A) રાજ + ઈશ્વર = રાજેશ્વર

(B) તથા + એવ = તથોવ

(C) ઉમા + ઇશ = ઉમેશ

(D) યથા + ઈષ્ટ = યથેષ્ટ

26) નીચેનામાંથી કયો સંધિ વિગ્રહ સાચો છે ?

(A) રમ + ઈશ

(B) સુવર્ણા + અક્ષર

(C) સુ + ઉક્તિ

(D) નિત્યા + નંદ

27) કયો સમાસ દ્વિગુ છે તે જણાવો.

(A) કુટુંબમાયા

(B) તામ્રપત્ર

(C) હસ્તઘડી

(D) ત્રિલોક

http://www.gsebonline.com

http://www.gsebonline.com

28) કાળા કાયદામાંથી છૂટવા શું કરવું તેનો વિચાર જેઠીમાના અંતરમાં રાતદિવસ ઘોળાતો હતો. રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

(A) મધ્યમપદલોપી
(B) દ્વન્દ્વ
(C) કર્મધારય
(D) તત્પુરુષ

29) 'કડવો ઘૂંટડો ગળી જવો' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(A) છેતરાઈ જવું.
(B) હિંમત કે ધીરજ ન રહેવી.
(C) અપમાન સહન કરવું.
(D) અણસમજુને ઉપદેશ આપવો નકામો છે.

30) 'એકતામાં જ પ્રભુતાનો વાસ છે' આ અર્થ ધરાવતી કહેવત શોધો.

(A) અપના હાથ જગન્નાથ
(B) ભાવતું હતું ને વૈદે કીધું.
(C) જ્યાં પંચ ત્યાં પરમેશ્વર
(D) મન હોય તો માળવે જવાય.

31) નીચેનામાંથી કર્તરિ વાક્ય રચના કઈ છે તે જણાવો.

(A) આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવવામાં આવ્યું.
(B) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુથી પણ ઉકેલી શકાયો ન હતો.
(C) મીરથી તો હજી સગડ મેલાતો નથી.
(D) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શક્યો ન હતો.

32) રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

ઈશ્વરની કરુણાનો કોઈ પાર નથી.

(A) માત્રાસૂચક વિશેષણ
(B) સંખ્યાવાચક વિશેષણ
(C) સાર્વનામિક વિશેષણ
(D) ગુણવાચક વિશેષણ

http://www.gsebonline.com
http://www.gsebonline.com

33) પ્રેરક વાક્ય રચના કઈ છે તે જણાવો.

(A) બાપુ વાવટો ઉતારશે નહીં.

(B) બાપુથી વાવટો ઉતારાયો.

(C) બાપુ રામા પાસે વાવટો ઉતારી લેવડાવે છે.

(D) બાપુ વાવટો ઉતારી લે છે.

34) ગાયત્રી છંદમાં ચોથું ચરણ ઉમેરાતા જે નવો છંદ બન્યો તેનું નામ જણાવો.

(A) અનુષ્ટુપ (B) શિખરિણી

(C) મનહર (D) મંદાક્રાન્તા

35) જે છંદના પહેલા અને ત્રીજા ચરણની '13' માત્રા અને બીજા-ચોથા ચરણની '11' માત્રા થાય ત્યારે તે છંદ કયો છે તે જણાવો.

(A) ચોપાઈ (B) દોહરો

(C) વસંતતિલકા (D) પૃથ્વી

http://www.gsebonline.com

http://www.gsebonline.com

■ **નીચેનું મુક્તક વાંચી, આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.(પ્ર. 36 અને 37)**

અમને નાખો જિંદગીની આગમાં

આગને પણ ફેરવીશું બાગમાં,

સર કરીશું આખરે સૌ મોરચા,

મોતને પણ આવવા દો લાગમાં.

– શેખાદમ આબુવાલા

36) કવિ કોને લાગમાં લેવાનું કહે છે ?

(A) મૃત્યુને (B) બાગને

(C) જિંદગીને (D) આગને

37) મુક્તક દ્વારા કવિએ કયો ભાવ રજૂ કર્યો છે ?

(A) જીવનમાં આવતા અવરોધોથી દૂર રહીશું.

(B) સ્વતંત્ર રહીશું.

(C) કોઈના પર વિશ્વાસ કરવો નહીં.

(D) ગમે તેવી કઠણ પરિસ્થિતિમાં પણ હારીશું નહીં.

■ **નીચેનો ફકરો વાંચી આપેલા પ્રશ્નોના જવાબ આપો. (પ્ર 38 થી 40)**

આ ઘરમાં કાન્તિ જન્મ્યો હતો. ક્યારામાં છોડ પાંગરે એમ આ ઘરમાં એ મોટો થયો હતો. આ ઘરની દીવાલોમાં એનું હાસ્ય, રુદન, રીસ, આનંદ, એની બાનું હેત, એના છણકા ... કાન્તિ દીવાલો સામે જોવા લાગ્યો ... વાદળાં ધીમે ધીમે ક્ષિતિજમાં સમાઈ જાય એમ બધુંજ ધીમે ધીમે ડૂબી ગયું હતું. બા નહોતી. કશુંજ નહોતું, ઘર નહોતું, ખાલી ખોરડું હતું. ધોળ કર્યા વગરની ભીંતો હતી. ગાર કર્યા વિનાની ઓસરી હતી. ફળિયું હતું, પહોળું, મોટું, એકલું ફળિયું હતું. બા નહોતી. કોઈ નહોતું. કાન્તિ એકલો હતો. કંચનમાસી હતાં. થોડે દૂર બેઠાં હતાં. રડતા હતાં. દોડીને એમની આંગળી પકડી લેવાનું કાન્તિને મન થયું.

38) ઘર જોઈ કાન્તિને શું યાદ આવતું હતું ?

(A) કંચનમાસી (B) રમા

(C) બાળપણ અને બાનું હેત (D) મોટો

39) ઘર કોના વગર ખાલી લાગતું હતું ?

(A) બા વગર (B) હિંમત વગર

(C) રમા વગર (D) બાળકો વગર

40) 'ખોરડું' એટલે શું ?

(A) ઓસરી (B) ફળિયું

(C) ઘર (D) દીવાલ

http://www.gsebonline.com
http://www.gsebonline.com

41) મીરાંબાઈનાં પદો શા માટે જાણીતાં છે ?

(A) રાજ પરિવારમાં જન્મ્યાં છે માટે

(B) સંતહૃદયની સંવેદના અને ભાષાની સાદગી માટે

(C) કૃષ્ણનાં ભક્ત છે માટે

(D) લયમાધુર્ય માટે

42) 'ફૂંટું ફૂંટું ફર ફર થતું રૂપ ખીલ્યું ધરાનું' પંક્તિ કયા કાવ્યની છે ?

(A) હાથ મેળવીએ (B) દીવડો

(C) જીવમાં જીવ આવ્યો (D) મોરલી

43) 'હાથમાં ઉષ્માને થડકો' કહી કવિ કયા ભાવ ભેળવવાની વાત કરે છે ?

(A) પરસ્પરની નફરતનો ભાવ

(B) પરસ્પરની નિંદાનો ભાવ

(C) પરસ્પરનો દ્વેષ ભાવ

(D) પરસ્પરનો હૃદય ભાવ

44) 'જીવન અંજલિ થાજો' કાવ્યનાં કવિ શું બનવા માંગતા નથી ?

(A) સત્યની કાંટાળી કેડી પર ચાલનાર માટે પુષ્પ

(B) તરસ્યાનું જળ

(C) સાગર પાર કરનાર માટે નાવ

(D) ભૂખ્યા માટે ભોજન

45) 'વૈશંપાયન' ઉપનામથી હળવી શૈલીમાં કટાક્ષમય કાવ્યો કયા કવિએ લખ્યા છે ?

(A) સ્નેહી પરમાર http://www.gsebonline.com

(B) હરિકૃષ્ણ પાઠક

(C) નિરંજન ભગત

(D) કરસનદાસ માણેક

http://www.gsebonline.com
http://www.gsebonline.com

46) 'જીવમાં જીવ આવ્યો' કાવ્ય કયા છંદમાં લખાયું છે ?

(A) મંદાક્રાન્તા

(B) મનહર

(C) અનુષ્ટુપ

(D) પૃથ્વી

47) હર્ષદ ત્રિવેદી મુક્તક દ્વારા કયો ભાવ રજૂ કરે છે ?

(A) પંખીને પિંજરામાં જ રહેવું ગમે છે.

(B) પંખીને માણસ પર વિશ્વાસ નથી.

(C) પંખી મુક્ત થવાં ઈચ્છતું નથી.

(D) પંખીને માણસ પર પ્રેમ છે.

http://www.gsebonline.com

http://www.gsebonline.com

48) કવિ કઈ રીતે આપેલા દાનને ઉત્તમ ગણે છે ?

(A) પાત્રતા જોઈને આપેલું દાન

(B) જાહેરાત કરીને આપેલું દાન

(C) ગુપ્ત રીતે આપેલું દાન

(D) હાથથી આપેલું દાન

49) મોરલીનો નાદ ક્યાં ગાજે છે ?

(A) ગગન

(B) પાતાળ

(C) દિશાઓ

(D) ધરતી

50) 'દીવાનખાનામાં' કાવ્યની નાયિકા શું અનુભવે છે ?

(A) એકલતાની વેદના

(B) સુખ

(C) દુઃખ

(D) ખુશી

# 13(G)

**(MARCH, 2019)**

**(New Course)**

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

<u>સૂચનાઓ</u>

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 22 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) અપઠિત વિભાગમાં માગ્યા મુજબ વિસ્તારપૂર્વક વિષયાનુસાર લખાણ લખવું.

<u>વિભાગ - A</u>

■ **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

1) રમઝુમીરનું શબ્દ ચિત્ર આલેખો. **[4]**

2) 'શ્વેતક્રાંતિના પ્રણેતાઓ' ના આધારે ત્રિભુવનદાસ સહકારી મંડળીના સ્વપ્ન દૃષ્ટા હતા તો કુરિયન સ્વપ્ન શિલ્પી હતા. સમજાવો. **[4]**

અથવા

સર અમલ દેરાસરીના દીવાનખાનાનું વર્ણન કરો.

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

3) સોસિયલ સિક્યોરિટી ઑફિસરે લેખક અને તેમના મિત્રોને શું સમજાવ્યું ? **[2]**

4) 'સૂરજ તો બધેય સરખો' પાઠમાં સર્વજ્ઞભાઈએ શી પ્રતિજ્ઞા લીધી ? શા માટે ? **[2]**



http://www.gseb online.com
http://www.gsebonline.com

5) બા મોટાને તેડતી ત્યારે કાન્તિનાં દિલમાં કેવા ભાવ જાગતા હતા ? [2]

6) ભારતમાં ખ્રિસ્તી ધર્મના ફેલાવા માટે પોર્ટુગલના પાદરીઓ શું કરતા હતા ? [2]

અથવા

દીપકને રાષ્ટ્રધ્વજ ક્યાં ક્યાં દેખાય છે ?

■ **માગ્યા પ્રમાણે જવાબ લખો. (દરેકનો 1 ગુણ)**

http://www.gsebonline.com

7) ટિફિન લઘુકથામાં 'ગોરવી' અને 'કાળવી' શબ્દ કોના માટે વપરાયો છે ? [1]

8) ગુજરાતીઓનો ભોજન પ્રેમ અભ્યાસક્રમના કયા પાઠમાં વ્યક્ત થયો છે ? [1]

9) પારવતીબા એ ઘર કોને આપ્યું ? [1]

10) દીપકની બેનનું નામ જણાવો. [1]

http://www.gsebonline.com

## વિભાગ - B

■ **નીચેના કોઈપણ એક પ્રશ્નનો મુદ્દાસર ઉત્તર આપો.**

11) 'જીવમાં જીવ આવ્યો' શીર્ષકની યથાર્થતા સિદ્ધ કરો. [4]

અથવા

મોરલીના સાદની ગોપીઓના મન પર શી અસર થાય છે ?

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 ગુણ)**

12) સ્નેહી પરમારના મતે સભામાં બેસનાર વ્યક્તિમાં કેવા ગુણો હોવા જોઈએ ? [2]

13) ધીરુભાઈ પરીખનું હાઈકુ 'વાદળની ટોચે પહોંચી વેરાઈ ગયું' આ પંક્તિ દ્વારા શો સંદેશ આપે છે ? [2]

14) 'પૂર્ણઘડા' દ્વારા કવિ શું કહેવા માંગે છે ? [2]

અથવા

'દીવાનખાનામાં' કાવ્યના અંતે કાવ્યનાયિકા કેવા મનોભાવ અનુભવે છે ?

■ **માગ્યા પ્રમાણે ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ)**

15) કૃષ્ણ શેના દાણ માંગે છે ? [1]

16) હૈયાના દરેક સ્પંદને કવિ શું ઈચ્છે છે ? [1]

17) તમારા હાથમાં શું શું છે ? [1]

18) 'તે બેસે અહીં' કાવ્યનાં કર્તાનું નામ જણાવો. સ્નેહી પરમાર [1]

19) 'ક્યાં રે વાગી' લોકગીતમાં મોરલી માટે કયા-કયા વિશેષણ વપરાયા છે ? [1]



http://www.gsebonline.com
http://www.gsebonline.com

## વિભાગ - C

■ **નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[4]**

**20)** ધોધમાર લક્ષ્મીનું આગમન એ નદીમાં આવતા ઘોડાપૂર જેવું હોય છે. પૂરમાં જે રીતે પાણીના પ્રવાહમાં શુદ્ધ પાણી સાથે કચરો અને જાતજાતની અશુદ્ધિઓ ઘસડાઈને આવતી હોય છે એમ લક્ષ્મીની સાથે પણ ઘણી બધી વિકૃતિઓ આપોઆપ આવી જતી હોય છે. આમાં જો સંસ્કારનું ભાથું માણસ પાસે હોય તો એ સારી વસ્તુનો સદ્ઉપયોગ કરે છે અને અસંસ્કારી લાગતી બાબતોને દૂર રાખે છે. પૈસા એટલે કે લક્ષ્મી બાબતે એવું કહેવાય છે કે, એ આવે ત્યારે માણસની છાતી ગજગજ ફુલાવે છે પરંતુ જાય છે ત્યારે માણસની પીઠમાં જોરદાર ધબ્બો મારીને જાય છે અને માણસ બેવડ વળી જાય છે. લક્ષ્મીના આગમનથી અક્કડ બનતો માણસ ઘડીકવારમાં ઢીલોઢફ થઈ જતો હોય છે. લક્ષ્મી અને સંસ્કાર જો સાથે રહી શકે તો જીવનની ખરી મજા માણી શકાય છે. કર્કશતા અને કકળાટથી ગ્રસ્ત કોઈપણ પ્રકારની સુખની સ્થિતિ આનંદ આપતી નથી. કોઈપણ પ્રકારના ધન-વૈભવ કરતાં સંસ્કારનો પ્રભાવ ચડિયાતો હોય છે.

અથવા

■ **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં વિચારવિસ્તાર કરો.**

'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા http://www.gsebonline.com
શકટનો ભાર જેમ શ્વાન તાણે'

**21)** તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ મહોત્સવ પર આશરે 100 (સો) શબ્દોમાં અહેવાલ લખો. **[4]**

અથવા

આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો. તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો.

ચોરનું સાધુને ભિક્ષા માટે આમંત્રણ - સાધુની ના પાડવી - કારણ પૂછવું - તેં કોઈ વ્રત લીધુ છે ? - ચોરની ના પાડવી - વ્રત લે તોજ આવું - ચોરનું સત્ય બોલવાનું વ્રત લેવું - અંતિમ ચોરી રાજમહેલમાં - ડબ્બીમાં સાત રત્નો - ચાર લેવા - રાજાનું વેશપલટો કરી નીકળવું - ચોરને પકડવો - સાચી વાત જણાવી દેવી - બીજા દિવસે ચોરને બોલાવવો - બાકીનાં ત્રણ રત્નો વિશે પૂછવું - ચોરનો જવાબ - પ્રધાનને સજા - ચોરને ઈનામ

બોધ - સત્યનું વ્રત લેવું સરળ છે પણ પાળવું અઘરું. સત્યના માર્ગે મુશ્કેલીઓ ઘણી આવે પણ સફળતા સત્યને મળે. સત્યનો વિજય થાય.

શીર્ષક - સત્યવ્રત

http://www.gsebonline.com
http://www.gsebonline.com

## વિભાગ - D

■ ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા પરથી 250 શબ્દોમાં નિબંધ લખો. [7]

22) ઉનાળાનો બપોર.

પ્રસ્તાવના

ઉનાળાની બપોરનું વર્ણન

વાતાવરણની જનજીવન પર અસર

ઉનાળાનું સૌંદર્ય

ઉપસંહાર

અથવા

મા તે મા

પ્રસ્તાવના

બાળઉછેર

બાળકમાં સંસ્કારોનું સિંચન

માનો મહિમા

મા વિનાનું જીવન

ઉપસંહાર

અથવા

આધુનિક સાધનો શાપ કે વરદાન

પ્રસ્તાવના

આધુનિક સાધનોનો ઉપયોગ

આધુનિક સાધનોના ફાયદા અને ગેરફાયદા

ક્યારે શાપરૂપ બને ? ક્યારે વરદાન

ઉપસંહાર

http://www.gsebonline.com

http://www.gsebonline.com